# પૂ લાલચંદભાઈના પ્રવચનો
# પ્રવચન નં :- ૩૧, સમયસાર ગાથા ૩૧
# મહાવીર નિર્વાણ દિન, તા. ૨૨-૧૦-૮૭

**(શરૂઆતમાં ૧૬ મિનિટ ભગવાનનો અભિષેક તથા ભકિત છે ત્યાર બાદ પ્રવચન શરૂ થાય છે)**

આજનો મંગળ દિવસ છે. ભગવાન મહાવીરનો આજ નિર્વાણ દિન છે. આજ મોક્ષ પધાર્યા. એમ તો ભગવાન મહાવીરનો વિયોગ થવાથી શોકનો દિવસ છે, પણ પરમાત્મા સિધ્ધ થઇ ગયા તો ખુશીનો દિવસ પણ છે. કોઇ જીવની મુકિત થાય તે તો ખુશીની વાત છે ને? અને બીજું શું છે કે આ ચોવીસીમાં છેલ્લા તીર્થંકર ચરમ શરીરી ભગવાન મહાવીર વર્ધમાન સ્વામી થયા. તેનું આ શાસન ચાલે છે. ૨૫૦૦ વર્ષથી, તેના પછી તેનું આ શાસન ચાલે છે. તો આપણા ઉપર તીર્થંકર ભગવાન મહાવીરનો ઉપકાર છે. સાથે તેની વાણી દિવ્યધ્વનિ મળી. ગૌતમ ગણધરે ઝીલી તેની પરંપરામાં જે આચાર્યો થયા તેના દ્વારા આત્માનો અનુભવ કરીને આ શાસ્ત્ર લખ્યું. તો એ શાસ્ત્ર જિનવાણીની પરંપરા આજ સુધી ચાલુ છે. તેથી આપણા ઉપર ભગવાન મહાવીરનો અનંતો ઉપકાર છે. તેમણે આપણને આપણું સ્વરૂપ બતાવી દીધું કે તારું સ્વરૂપ શું છે. આત્માનું સ્વરૂપ શું છે એ આપણે ઓળખતા નહોતા, (તે) ભગવાન મહાવીરે બતાવ્યું.

ભગવાન મહાવીરનો ઉપકાર મોટો છે. આજ તેમનો નિર્વાણ દિવસ છે અને ગૌતમ ગણધરને આજે કેવળજ્ઞાન થયું. તેનો થોડો ઇતિહાસ હું વાંચું છું. ભગવાન મહાવીર માટે. ઇન્દ્રભૂતિ ગૌતમ સિવાય તેના દસ ગણધર બીજા પણ હતા. બનાવ શું બની ગયો કે ભગવાન મહાવીરને કેવળજ્ઞાન થયું. ૬૬ દિવસ સુધી વાણી ખરી નહીં. એ પણ કોઈ અચંબો, અચરજની વાત પંચમકાળ હૂંડાઅવસર્પિણીકાળમાં થઇ ગયો. આવો બનાવ બનતો નથી. જ્યારે કેવળજ્ઞાન થાય છે તો વાણી ખરે છે ને ગણધર પણ હાજર હોય છે. ૬૬ દિવસ સુધી વાણી ન ખરી. તો ઈન્દ્ર મહારાજનું સિંહાસન ચલાયમાન થયું કે આ શું છે? (ઇન્દ્રએ) અવધિજ્ઞાન મુકીને જોયું તો ગણધર સભામાં ન હતા તેથી વાણી ન છૂટી. આવું યોગાનુંયોગ બને છે.

એ તો વીતરાગ પરમાત્મા થઇ ગયા. એ આવે તો હું સંભળાવું અને એ ન આવે તો હું ન સંભળાવું એવી દશા, ઈચ્છા તો છે નહીં. ઇચ્છાનો તો અભાવ થઈ ગયો છે. પરિપૂર્ણ વીતરાગદશા થઈ ગઈ. એ તો જ્ઞાતા-દ્રષ્ટા છે. પણ વાણી ન ખરી તો ઈન્દ્ર મહારાજ ગૌતમ ગણધરની પાસે ગયા. તે (ગૌતમ) તે ટાઇમે વેદાંતી હતા. જૈનમતી ન હતા. ગૃહીત મિથ્યાષ્ટિ

હતા. તો તેને વેદાંતની શ્રધ્ધા હતી. જૈનની શ્રધ્ધા ન હતી. પણ જે કોઈ ધર્મના વડા હોય છે તેને બધા દર્શનનું અધ્યયન પણ હોય છે. તેને જૈનદર્શનનું અધ્યયન તો હતું. થોડી તેમાં શંકા પણ હતી. તો યોગાનુંયોગ ઇન્દ્રમહારાજ આવ્યા તેમણે કહ્યું કે અમને નવતત્ત્વનું સ્વરૂપ બતાવો. (તો તેમણે કહ્યું કે આ કોણ પૂછે છે?) તે મારા ગુરૂ છે, હું તેનો શિષ્ય છું. તો તેમણે(ગૌતમ) કહ્યું તારી સાથે ચર્ચા નથી કરવી. કેમકે (ગૌતમ) નવતત્ત્વનું સ્વરૂપ શું છે તે જાણતા જ નહોતા. તારા ગુરની પાસે ચાલ. ત્યાં તેની સાથે ચર્ચા કરીશ. તેને જવાબ આપીશ. તેને એટલું જ કામ હતું. ચાલો તો ગયા અને ભગવાન મહાવીરના સમવસરણમાં જયાં આવ્યા, આહાહા! અભિમાન ગળી ગયું કે હું તો કાંઈ જાણતો નથી. અભિમાન ગળવા લાગ્યું. પરિણતિમાં થોડી નિર્મળતા અપેક્ષિત આવવા લાગી. અને દિવ્યધ્વનિ છૂટી તે જ સમયે સમ્યગ્દર્શન થયું. અંતમુહૂર્તમાં મુનિદીક્ષા ધારણ કરી, ગણધરપદ મળી ગયું. ચાર જ્ઞાન પ્રગટ થઇ ગયા. કુમતિ, કુશ્રુત હતા તેનો વ્યય થઇ ગયો, અજ્ઞાનનો વ્યય થઇ ગયો. અને સુમતિ, સુશ્રુત, સુઅવધિ અને મન પર્યાયજ્ઞાન ચાર જ્ઞાન પ્રગટ થઇ ગયા. એમ ગૌતમ ગણધર મુખ્ય હતા. ૧૧ ગણધર હતા. ભગવાન મહાવીરના ગણધર ૧૧ હતા. એમ સાંભળ્યું છે કે વિહરમાન ૨૦ તીર્થંકર છે, સીમંધર ભગવાન આદિ. ભરતક્ષેત્રના, ધાતુકી અને પુષ્કર મળીને ૨૦ તીર્થંકર વિહરમાન છે. તેના ૮૪-૮૪ એક એકના ૮૪ ગણધર છે. અત્યારે વિદ્યમાન છે.

એમ ભગવાન મહાવીરના ૧૧ ગણધર હતા. તેમાં ગૌતમ ગણધર પ્રમુખ હતા. ઇન્દ્રભૂતિ ગૌતમ સિવાય તેના ૧૦ ગણધર બીજા પણ હતા. જેના નામ આ પ્રકારે છે. અગ્નિભૂતિ, વાયુભૂતિ, સુચીદત્ત, સુધર્મ, માનવ્ય, મૌર્યપૂત્ર, અકંપન, અચલ, વેદાંત અને પ્રયાગ. શ્રાવક શિષ્યોમાં મગધ સમ્રાટ મહારાજા શ્રેણીક બિલના પ્રમુખ હતા. જે આવતી ચોવીસીમાં આપણા ત્રણલોકના નાથ તીર્થંકર થવાના છે. આવતી ચોવીસીના પહેલા તીર્થંકર. હવે આવવાવાળી ચોવીસીના. તેના કર્મઠ શિષ્ય પરિવારમાં ૧૪ હજાર સાધુ, ભગવાન મહાવીરના પરિવારમાં ૧૪ હજાર સાધુ હતા. ૩૬ હજાર આર્યિકા, અર્જિકા હતી. એક લાખ શ્રાવક અને ત્રણ લાખ શ્રાવિકા હતી. એમ તેમના અનુયાયીની સંખ્યા તો અગણીત હતી. એ તો અગણીત હતા. અંતમાં વિહાર કરીને ભગવાન મહાવીર પાવાપુર પહોંચ્યા. ત્યાં તેમણે વિહાર અને ઉપદેશથી વિરામ લઈ લીધો. શું થયું?

જ્યારે તીર્થંકર ભગવાન દીક્ષા ધારણ કરે છે અને પોતાની સાધના માટે વનમાં ચાલ્યા જાય છે, તો આગમનો એવો પાઠ છે કે જો તીર્થંકર પ્રભુ ચરમ શરીરી છે, ચરમ શરીરી એટલે છેલ્લું શરીર, પછી શરીર મળવાનું નથી. અશરીરી થઈ જશે. દીક્ષા લઇને જંગલમાં જાય છે શરૂથી તેની પાસે ત્રણ જ્ઞાન તો હતા જન્મથી. મતિ, શ્રુત, અવધિજ્ઞાન તો હતા. તો દીક્ષા

લેવાના સમયે મન:પર્યયજ્ઞાન પણ પ્રગટ થઇ જાય છે. પછી તે ધ્યાનમાં મગ્ન થઇ જાય છે. કોનું ધ્યાન કરે છે? ભગવાન મહાવીરના જીવે કોનું ધ્યાન કર્યું કે જેના ફળમાં કેવળજ્ઞાનની પ્રાપ્તિ થઈ ગઈ. એવું કયુ કામ તેમણે કર્યું કે કેવળજ્ઞાન પ્રગટ થઈ ગયું? તો તેમણે કોનું ધ્યાન કર્યું?

તેનો આગમમાં એક પાઠ છે પરમાત્મપ્રકાશમાં. યોગીન્દ્રદેવ બહુ જૂના ભાવલિંગી દિગંબર સંત અતીન્દ્રિયઆનંદનું ભોજન કરવાવાળા, મુનિરાજ અતીન્દ્રિયઆનંદનું ભોજન કરે છે. આહાહા! નિરંતર આત્મિક આનંદનું ભોજન કરે છે. વારંવાર શુધ્ધોપયોગમાં રહે છે. (તેમના શાસ્ત્રમાં આ વાત આવે છે) એવા ભગવાન મહાવીર જયારે મુનિરાજ બન્યા ત્યારે તેમણે આ આત્મા છે. બધાના આત્માની વાત ચાલે છે. આ આત્મા છે તે પર્યાયાર્થિકનયથી જુઓ તો, પર્યાયધર્મથી જુઓ તો ઉત્પાદ-વ્યયથી સહિત છે. પરિણામથી સહિત છે. આ આત્મા છે તે વ્યવહારનયથી જુઓ તો, પર્યાયાર્થિકનયથી જુઓ તો, પર્યાયધર્મની તરફ જઇને જુઓ તો આ આત્મા પર્યાયથી સહિત છે. પરિણામથી સહિત છે. ઉત્પાદ વ્યયથી સહિત હોવા છતાં પણ જે ધ્રુવ પરમાત્મા અંદર બિરાજમાન છે તે ઉત્પાદ-વ્યયથી રહિત છે. એવા ઉત્પાદ-વ્યયના પરિણામથી ભિન્ન, પરિણામથી રહિત એવા પોતાના ધ્રુવ પરમાત્માનું ધ્યાન કર્યું.

ભગવાન મહાવીરે સાધક અવસ્થામાં, સાધુ અવસ્થામાં પોતાના શુધ્ધાત્માનું ધ્યાન કર્યું. ધ્યાનનું ફળ શુકલધ્યાન આવ્યું, ધર્મધ્યાન પછી શુકલધ્યાન આવે છે. અને શુકલધ્યાન આવે છે તો તેમાં આત્મા લીન થઈ જાય છે, એકાગ્ર થઈ જાય છે. 'એકાગ્ર ચિંતા નિરોધ ધ્યાનમ્' ધ્યાનની અવસ્થા એવી અવસ્થા છે કે તેમાં કોઇ સંકલ્પ વિકલ્પ ઉત્પન્ન થતા નથી. ચિંતાનો અભાવ થઇ જાય છે. હું ધ્યાન કરું એવો વિકલ્પ થતો નથી. હું ધ્યાન કરવાવાળો છું અને મારો આત્મા ધ્યેય છે. એવો ભેદ નિર્વિકલ્પ ધ્યાનમાં ઉઠતો નથી. એવી સ્થિતિમાં અંદરમાં જામી ગયા તે ચારિત્રની ઉગ્ર અવસ્થા છે. આત્મામાં લીન થવું તેનું નામ ચારિત્ર છે અને લીન થઇ ગયા તો કેવળજ્ઞાનનો ભડકો થઇ ગયો. એવી સ્થિતિ ભગવાન મહાવીરને થઇ હતી.

આગળ વિહાર કરતા કરતા ભગવાન મહાવીર પાવાપૂરી પહોંચ્યા. ત્યાં તેમને વિહાર અને ઉપદેશથી વિરામ (લઈ લીધો), દિવ્યધ્વનિ બંધ થઈ ગઈ. પછી જયારે મોક્ષનો કાળ પાકે છે ત્યારે દિવ્યધ્વનિ બંધ થઇ જાય છે.

મુમુક્ષુ - ધન્યતેરસને દિવસે વાણી બંધ થઇ ગઇ હતી.

ઉત્તર :- ધન્ય તેરસના દિવસે વાણી બંધ થઈ ગઈ હતી. આજ નિર્વાણ થઈ ગયો.

યોગ નિરોધના, મન-વચન-કાયાનો જે યોગ છે કંપન વિકલ્પ તે નિરોધ થઈ જાય છે. શુકલધ્યાનની ચરમ અવસ્થામાં, શુકલધ્યાનની શરૂઆત થાય છે અને શુકલધ્યાનનો છેલ્લો સમય આવે છે તેનો વ્યય થઇ અને કેવળજ્ઞાન થઇ જાય છે. છદ્મસ્થની અવસ્થા છે શુકલધ્યાન, સાધુની અવસ્થા છે, અને કેવળજ્ઞાન પરમાત્માની અવસ્થા છે. શુકલધ્યાન અંતરાત્મામાં થાય છે અને કેવળજ્ઞાન પરમાત્મામાં પ્રગટ થાય છે.

તેમાં આરૂઢ થઈને, કર્મોના અવશેષ ચાર અધાતિકર્મોનો પણ અભાવ કરીને, લ્યો! અરિહંત થાય છે ત્યારે ઘાતિકર્મોનો અભાવ થાય છે અને જયારે સિદ્ધ થાય છે ત્યારે બાકીના ચાર અઘાતિકર્મોનો અભાવ થઇ જાય છે. અંતિમદેહનો પૂર્ણપણે પરિત્યાગ કરીને, દેહ વિખરી જાય છે. જેમ કપૂરની ગોટી છે ને? કપૂરની ગોટીમાં પરમાણુ છૂટા થઇ જાય છે તેમ પરમાણુ આપોઆપ વિખરી જાય છે. અને નિર્વાણપદ પ્રાપ્ત કર્યું. આ ઘટના ૨૫૦૦ વર્ષ પૂર્વેની છે. કાર્તિક અમાવસની રાત્રી ગાઢ અંધકારમાં ડૂબી હતી. ગાઢ અંધકારમાં. પ્રભાત થવામાં થોડો સમય જ બાકી હતો. સૂર્યનું પ્રથમ કિરણ પણ ગીરી શિખરો ઉપર પ્રકુટિત થયું નહોતું. સૂર્ય ઉગ્યો ન હતો ને વીર પ્રભુનો નિર્વાણ થઈ ગયો.

પ્રભુના નિર્વાણની પૂજા સવારે બધાએ કરી હતી. પ્રભુના નિર્વાણના સમાચાર દેવોએ આવીને મહોત્સવ કર્યો. જેને નિર્વાણોત્સવ કહે છે. પંચકલ્યાણક થાય છે ને તેમાં એક મોક્ષકલ્યાણક છે. પાવાનગરી પ્રકાશથી જગમગવા લાગી. જેમ કાળી નાગણ કોઈને ડંસીને પલટી જાય છે તો તેનો કાળો ભાગ નીચે આવી જાય છે. સાપનું એવું હોય છે કોઈ કોઈને ઝેરી નાગ ડંસે છે ને તો પલટી થઈ જાય છે. કાળો ભાગ નીચે દબાઈ જાય છે. અને નીચેનો સફેદ ભાગ ઉપર આવી જાય છે. સફેદ ભાગ ઉપર આવી જાય છે.

તે રીતે માનો કાળી રાતની નાગણે વીર પ્રભુને અંશે છીનવી લીધા છે. ડંસ માર્યો છે. અતઃ માનો તે ઉલટી થઈને પ્રકાશમય થઇ ગઇ. સમજમાં નથી આવતું આ દીપાવલીને પ્રકાશનું પર્વ કહે કે અંધકારનો? તેણે અમારા વીર પ્રભુને અમારી પાસેથી છીનવી લીધા. પણ તેમને નિર્વાણ પ્રાપ્ત થઇ ગયો. તોપણ લોકો શોકમગ્ન થઈને પણ હર્ષીત છે. એક બાજુ શોક ને બીજી બાજુ હર્ષ. એક આત્માની મુકિત થઇ ગઇ, તે હર્ષનું કારણ છે. પોતાના પરમાત્માનો વિયોગ થયો તો દુઃખ પણ થાય છે.

તીર્થંકર ભગવાન મહાવીરનું વહેલી સવારે નિર્વાણ થયું તે દિવસે સાંજના સમયે તેમના પ્રમુખ શ્રી ઇન્દ્રભૂતિ ગૌતમ ગણધરને પૂર્ણજ્ઞાન-કેવળજ્ઞાનની પ્રાપ્તિ થઇ. તે કારણે આ દિવસ બે ગણો મહિમાવંત થઇ ગયો. ભગવાન મહાવીરના વિયોગથી દુઃખી ધર્મપ્રજાએ કેવળી

ગૌતમને પામીને કાંઇક આશ્વાસન મળ્યું. શોકાતુર જનતાનો શોક કાંઇક ઓછો થયો. ગણધર ભગવાન તો કેવળી થઇ ગયા તેથી.

દિપાવલીનું મહાન પર્વ ભગવાન મહાવીરના નિર્વાણ મહોત્સવ તથા ગૌતમ ગણધરના કેવળજ્ઞાન કલ્યાણકના રૂપમાં મનાવવામાં આવે છે. ભગવાન મહાવીરના નિર્વાણ દિવસથી એક સંવત પણ ચાલ્યું આવે છે જેને વીર નિવણ સંવત કહે છે. જે આજે પણ જૈનોમાં અધિક પ્રચલીત છે. આ રીતે આપણે જોઇએ છીએ કે તીર્થંકર ભગવાન મહાવીરના વર્તમાન ભવમાં એટલી વિવિધતા અને ઉતાર-ચઢાવ નહોતા, જેટલા તેમના પૂર્વ ભવમાં જોવામાં આવે છે. તેમના વર્તમાન ભવમાં તેમના આધ્યાત્મિક જીવનનું ઉત્તરોત્તર ક્રમશઃ વિકાસ સ્પષ્ટ દેખાય છે.

જન્મથી આત્મજ્ઞાની બાળક વર્ધમાનને આપણે બાળક અવસ્થાથી જ ધીર, ગંભીર અને આત્મનિષ્ઠ જાણીએ છીએ. રાજ-કાજ આદિ લૌકિક કાર્યોમાં તેમની રુચિ નહોતી. બાહ્ય જગતથી એકદમ જુદા પડેલા રાજકુમાર વર્ધમાન પોતાના અંતર જગતમાં જ મગ્ન રહેતા હતા. ન તેમને વૈભવથી લગાવ હતો કે ન વિષય ભોગોની ઇચ્છા. જોકે તે ૩૦ વર્ષ સુધી ઘરમાં રહ્યા પણ ન રહ્યા બરાબર હતા. તેમનું મન ક્યારેય ઘરમાં લાગ્યું જ નહોતું. તેમને પણ યૌવન આવ્યું હતું પણ તેમના જીવનમાં યૌવન નહોતું. શરીરમાં યૌવન હતું, મનમાં યૌવન નહોતું. જોકે તેમનામાં યૌવનપણું જ નહોતું. તેમને યૌવનનું કોઈ આકર્ષણ નહોતું. ત્યારે તો ૩૦ વર્ષના ભર્યા જીવનમાં વિરાગી બની ગયા. આહા! વીતરાગી બનવા માટે વનમાં ચાલી નીકળ્યા તથા મૌન થઈ ગયા. તે ગયા તો ગયા પાછા આવ્યા જ નહીં. (૧૨ વર્ષ વનમાં તપ કર્યું). મૌન થયા તે થયા ફરીને કોઇની સાથે ત્યાં સુધી બોલ્યા જ નહીં જયાં સુધી પોતાનું કેવળજ્ઞાન ન પામી લીધું. જ્યારથી પૂર્ણ વીતરાગી અને સર્વજ્ઞ થઈ ગયા ત્યારે તેમની વાણી પ્રફુટિત થઈ ગઈ. વીર હિમાચલથી પાવન જિનવાણી ગંગા પ્રવાહિત થઇ તો ૩૦ વર્ષ સુધી વહેતી રહી. ૩૦ વર્ષ સુધી ઓમકાર ધ્વનિ છૂટી. સમવસરણની રચના દેવો આવે છે ત્યારે. ગૌતમ ગણધર આદિ અનેકને તેમાં નિમગ્ન થઈને અપૂર્વ શાંતિ અને આનંદ પ્રાપ્ત કર્યો. સર્વ હિતકારી તેમનો હિતોપદેશ એક તીર્થ બની ગયું. તે સ્વયં તો તર્યા જ પણ તેમના પાવન ઉપદેશથી લાખો વધારે (લોકો) ભવસાગરથી પાર ઉતર્યા. ઉતરવાનો માર્ગ મળી ગયો. સર્વોદય તીર્થનો પ્રચાર પ્રસાર કરીને તેમણે પોતાના તીર્થંકરપણાને સાર્થક કરી લીધું.

જ્યારે તેઓ ગયા તો અમાસની રાત પણ પ્રકાશમાન થઈ ગઈ અને ૨૫૦૦ વર્ષથી આજ સુધી સતત એક તે કાર્તિક અમાસ કાળી હોવા છતાં પણ ઝગમગવા લાગી. બધા દીવા પ્રગટાવે છે ને? પ્રકાશમય થઈ જાય છે. તે દિવસે દીપકના દીવડા ઝગમગવા લાગે છે. તેથી

તે મહાન પર્વદીપાવલીના નામથી પ્રખ્યાત છે. દીપાવલી અંધકારમાં પ્રકાશનું પર્વ આજ છે. દીપાવલીનું.

એવી રીતે જે તીર્થંકર ભગવાન મહાવીરે જે કેવળજ્ઞાન મોક્ષ પ્રાપ્ત કર્યું તેમની વાણીમાં એવું આવ્યું કે મેં આ અરિહંત અને સિધ્ધદશાના પ્રાપ્તિકાળમાં શું કાર્ય કર્યું, શું ઉપાય કર્યો. તો તેમની વાણીમાં તે બધા સાતતત્ત્વ, નવપદાર્થનું સ્વરૂપ, છ દ્રવ્યનું સ્વરૂપ વાણીમાં આવી ગયું. તેની અંદર એક એવો અલૌકિક મંત્ર પણ આવી ગયો કે તારો જે આત્મા છે અને દેહ દેખાય છે તો આ દેહ તારો નથી. દેહથી તારો આત્મા ભિન્ન છે. તું તો જ્ઞાતા-દ્રષ્ટા જ્ઞાનમય આત્મા છો. દેહ તારો નથી. આઠ કર્મોનો સંયોગ જ્ઞાનાવરણાદિના છે તે પણ જડ છે, પર છે તારી ચીજ નથી અને તેના લક્ષથી થવાવાળા પુણ્ય-પાપના જે પરિણામ, પુણ્ય અને પાપના જે પરિણામ, શુભ અને અશુભનો જે રાગ થાય છે તે પણ તારી ચીજ નથી. અને એથી પણ એક સૂક્ષ્મ વાત કહી કે જે તારી પાસે જ્ઞાન છે, પ્રતિમાના દર્શન કરવાનું જ્ઞાન, શાસ્ત્ર સાંભળવાનું જે જ્ઞાન છે તારી પાસે તે જ્ઞાન પણ તારું નથી. જ્ઞાન જ નથી ખરેખર તો જ્ઞેય છે.

એવી એક સૂક્ષ્મવાત ૩૧મી ગાથામાં આચાર્ય ભગવાને લખી છે. જે વાત જગતના ઘણા ઓછા જીવ જાણે છે. દેહથી જુદો, કર્મથી જુદો, રાગથી આસ્રવથી જુદો, ત્યાં સુધી તો ઘણા જીવોએ આ વાત જાણી પણ પરને જાણવાવાળી જે ભાવેન્દ્રિય-ઇન્દ્રિયજ્ઞાન ખંડજ્ઞાન છે તેનાથી આત્મા ભિન્ન છે. આહાહા! પાંચ ઇન્દ્રિયનું જે જ્ઞાન છે, જાણવાની ક્રિયા થાય છે તે ક્રિયાથી આત્મા ભિન્ન છે. આત્મા અંદરમાં અતીન્દ્રિયજ્ઞાનમય પરમાત્મા બિરાજમાન છે. અતીન્દ્રિયજ્ઞાનમય આત્માથી આ ઇન્દ્રિયજ્ઞાન જુદું છે. ઇન્દ્રિયજ્ઞાનથી જે તું જાણે છે અને માને છે કે મેં જાણ્યું તે સંસાર છે. એવી કોઈ સૂક્ષ્મ વાત જગતના કાન ઉપર આવતી નથી. પણ તે સમયસારમાં આવી ગઇ તે સમયસારનું અધ્યયન જે કરે છે તેને તે ખબર પડી જાય છે. તેનાથી ભેદજ્ઞાન કરીને આત્મઅનુભવ કરી લ્યે છે.

આ જે આંખ છે ને ચક્ષુ તે ચક્ષુ તો પુદ્ગલના પરમાણુની બનેલી છે. તે તો જડ છે, અચેતન છે. આંખથી કોઈ જોતું નથી પણ આંખની અંદર એક ક્ષયોપશમ ઉઘાડ જ્ઞાન છે. તેને ભાવેન્દ્રિય (કહે છે.) શાસ્ત્રીય ભાષા છે. એક દ્રવ્યેન્દ્રિય છે અને એક ઉઘાડ અંદર જાણવાની ક્રિયા થાય છે. પરાશ્રિત જાણવાની ક્રિયા તેમનું નામ ભાવેન્દ્રિય છે.

આચાર્ય ભગવાન ફરમાવે છે કે આ જે શરીરનો સ્પેરપાર્ટ છે ચક્ષુ તે તો તારી ચીજ નથી. તે તો જડનું, તેનો માલિક જડ છે. અને અંદરમાં જે જાણવાની ક્રિયા થાય છે. આ ચંદ્રપ્રભુ ભગવાન બિરાજમાન છે. તેને જાણવાની જે ક્રિયા થાય છે તે જાણવાની ક્રિયાથી આત્મા જુદો

છે. ભગવાનની (પ્રતિમાને) જાણવાવાળો જુદો અને આ ભગવાનને (આત્માને) જાણવાવાળું જ્ઞાન જુદું છે. આ પરમાત્માને જાણવાવાળું જ્ઞાન જુદું ભાવેન્દ્રિય ખંડજ્ઞાન અને પોતાની અંદર બીજો ભગવાન બિરાજમાન છે. આહાહા!

બે ભગવાન છે? હા, બે છે. એક વ્યવહાર ભગવાન પર છે. પરમાત્મા છે તે પર છે અને હું શુધ્ધાત્મા સ્વ છું. ભજનમાં આવ્યું હતું કે તમે પણ સમયસાર, હું પણ સમયસાર અને બધા આત્મા પણ સમયસાર, પૂજામાં પણ એમ આવ્યું. સમયસાર એટલે શુધ્ધાત્મા. આ આત્મા સ્ત્રી નથી, પુરુષ નથી. આહા! આ આત્મા મિથ્યાષ્ટિ, રાગી, મોહી નથી. આ આત્મા કર્મથી બંધાવાવાળો નથી. કર્મના સંબંધવાળો નથી. તેનાથી જુદો અખંડાનંદ ચિદાનંદ આત્મા અંદર અતીન્દ્રિયજ્ઞાનમય આત્મા, પ્રભુ, વિભુ અંદર બિરાજમાન છે. તેને જો. તેને જાણવાવાળું જ્ઞાન જુદું અને પરને જાણવાવાળું જ્ઞાન જુદું.

તો એકનું નામ જ્ઞાન છે અને પરને જાણવાવાળા જ્ઞાનનું નામ જ્ઞેય છે. જ્ઞાન નથી, જ્ઞેય છે. જેમ આ (માઇક) જ્ઞેય છે ને આ જ્ઞેય છે. તેનો જ્ઞાનમાં પ્રતિભાસ થાય છે. એવી રીતે જે ઇન્દ્રિયજ્ઞાન છે ભગવાન તો જ્ઞાનમાં પ્રતિભાસ થાય છે તે ભગવાન તો જુદો છે. પણ ભગવાન પરમાત્મા જિનપ્રતિમા જિનસારખી. જિનેન્દ્રભગવાનની જે પ્રતિમા છે એ તો પોતાના શુધ્ધાત્માથી અલગ છે, જુદી છે. તેના લક્ષથી તો રાગ થાય છે. ધર્મ નથી થતો. શુભરાગ થાય છે. પુણ્ય બંધાય છે. પણ તે પ્રતિમાને જાણવાવાળું જે જ્ઞાન છે તે જ્ઞાનથી પણ ભગવાનજ્ઞાન ભિન્ન છે. જ્ઞાનથી જ્ઞાનનું ભેદજ્ઞાન. એટલે કે ઇન્દ્રિયજ્ઞાનથી અતીન્દ્રિયજ્ઞાન જુદું છે. તે વાત જગતના જીવના કાન ઉપર આવી નથી. આહા!

દેશનાલબ્ધિ સાંભળવાવાળું જ્ઞાન મારું નથી. જે દેશનાલબ્ધિ સાંભળે છે ને તે કાન મારા નથી. આ કાન છે તે મારા નથી. અને સાંભળ્યું કે "તું આત્મા છે" એવો શબ્દ આવ્યો તે જ્ઞાનમાં સાંભળ્યું, જાણ્યું તે જાણવાવાળા જ્ઞાનની જે અવસ્થા છે ઇન્દ્રિયજ્ઞાન તે મારું નથી. મેં નથી જાણ્યું. દિવ્યધ્વનિને હું નથી જાણતો, હું તો જાણનારને જાણું છું. અલગ વાત છે આ વાત.

મેં તો જ્ઞાનાનંદ આત્મા છું. અને જે જ્ઞાન પોતાને પ્રસિધ્ધ કરે તે જ્ઞાન સમ્યજ્ઞાન છે. અને પોતાને છોડીને પરને પ્રસિધ્ધ કરે ત્યાં રોકાય તે તો અજ્ઞાન છે, સંસારનું કારણ છે. પુણ્ય-પાપ તો સંસારનું કારણ છે જ. પુણ્યથી તો ધર્મ ત્રણકાળમાં થતો નથી. તે તો બંધનું કારણ છે. પ્યોર બંધનું કારણ છે. તે મુક્તિનું કારણ નથી. એ તો વાત અલગ રહી. તેનાથી સૂક્ષ્મ પુણ્ય-પાપના પરિણામને જાણવાવાળા ક્રોધ, માન, માયા, લોભને જાણવાવાળું જે જ્ઞાન છે તે

આત્માનું જ્ઞાન નથી. ક્રોધને જાણવાવાળું જ્ઞાન ક્રોધનું થઈ ગયું. આહાહા! તે ક્રોધ જ છે. ક્રોધ પણ ક્રોધ અને ક્રોધને જાણવાવાળું જ્ઞાન પણ ક્રોધ, તેમાં એકત્વ થઈ ગયું. એ ક્રોધથી જુદો અને ક્રોધને જાણવાવાળું જે ઇન્દ્રિયજ્ઞાન તેનાથી આત્મા જુદો છે. આહાહા! અંદરમાં આત્મા બિરાજમાન છે... અંદરમાં ગુફામાં આત્મા છે. આહાહા!

આમ બે હજાર વર્ષ પહેલાં સમર્થ દિગંબર સંત કુંદકુંદાચાર્ય થઇ ગયા. તેનું નામ ત્રીજું છે. 'મંગલમ ભગવાન વીરો, મંગલમ ગૌતમો ગણી, મંગલમ કુંદકુંદાર્યો જૈન ધર્મોસ્તુ મંગલમ'. સમર્થ આચાર્ય થઇ ગયા તેમણે ૮૪ પાહુડ લખ્યા પણ થોડા પાહુડ રહી ગયા બાકી નષ્ટ થઇ ગયા. એમાં સમયસાર, નિયમસાર, પ્રવચનસાર, પંચાસ્તિકાય, અષ્ટપાહુડ આદિ. આહાહા! તેનું એક બાર ભાવનાનું પુસ્તક છે. અનુપ્રેક્ષા, તે અલૌકિક આધ્યાત્મિક છે. અનુપ્રેક્ષા નામનું એક પુસ્તક છે. આહા! જેવી રીતે કાર્તિકેયાનુપ્રેક્ષામાં બાર ભાવના (છે) તેમ કુંદકુંદભગવાને બાર ભાવનાનું પુસ્તક બનાવ્યું. અનુપ્રેક્ષા.

આમ આચાર્યભગવાને કરુણા કરીને એક અંદરની વાત બતાવી (જે) જગતને ખબર નથી. જગત શાસ્ત્રજ્ઞાનને જ્ઞાન માને છે. શાસ્ત્રજ્ઞાન જ્ઞાન નથી. શાસ્ત્રની સન્મુખ થવાવાળું જ્ઞાન તે જ્ઞેય છે, જ્ઞાન નથી. આહાહા! અને અંદરમાં, મનની અંદર વિચાર ચાલે છે કે હું જ્ઞાયક છું, ભાવમનની અંદર વિચાર ચાલે છે કે હું જ્ઞાયકનું ધ્યાન કરું છું તે ધ્યાન કરવાવાળું જ્ઞાન નથી એ તો જ્ઞેય છે. આહા! એનાથી જુદું, માનસિકજ્ઞાનથી પણ જુદું એક આત્મિકજ્ઞાન ધ્યાનમાં નવું પ્રગટ થાય છે. અનંતકાળથી પ્રગટ નથી થયું એવા ધ્યાનના કાળમાં અતીન્દ્રિયજ્ઞાન પ્રગટ થાય છે. તે જાત જુદી છે.

શ્રીમદ્ રાજચંદ્રજીએ તેના અંદર શબ્દ લખ્યા તે જાત્યાંતરજ્ઞાન છે. જે જ્ઞાન ભવહેતુ થતું હતું ભવહેતુ, કયુ જ્ઞાન? કે ઇન્દ્રિયજ્ઞાન, ભવહેતુ છે. પાંચ ઇન્દ્રિય અને છઠ્ઠા મનનો જે ઉઘાડ છે તે ભવહેતુ એટલે કે દુઃખનો હેતુ, ભવ એટલે? દુઃખનો હેતુ એટલે દુઃખનું કારણ. ભાવેન્દ્રિય જે પ્રગટ થાય છે, પાંચ ઇન્દ્રિય અને છઠ્ઠું મન, તે છએ, ભાવમન દુઃખનું કારણ છે. આકુળતાને ઉત્પન્ન કરવાવાળા છે. પોતાની ચીજ નથી. તેનાથી જુદું જાત્યાંતર એક જ્ઞાન પ્રગટ થાય છે, જે આત્મા અતીન્દ્રિયજ્ઞાનમય છે તેની જાતિનું સામાન્ય જેવું વિશેષ, આ ભાવેન્દ્રિય સામાન્યનું વિશેષ નથી.

શું સામાન્ય અને શું વિશેષ? ભગવાન જાણે. આહા! એમ ન કરવું. હું જાણું એમ કરવું. આહા! યાત્રા બે પ્રકારની છે. એક અંદર ભગવાનનું ધ્યાન કરવું અને લક્ષ કરવું, અનુભવ કરવો તે યાત્રા છે, અને એક યાત્રા સાધકને બીજા ભગવાનની યાત્રાએ જાવાનો ભાવ પણ

આવે છે પણ તે યાત્રાનો ભાવ કરવાવાળો આત્મા નથી અને યાત્રાને જાણવાવાળો પણ આત્મા નથી. તેનાથી આત્મા જુદો છે. જુદાને જુદા જાણી લે. જુદાને જુદા જાણી લે. આહા! તો તારું કામ થઈ જાશે.

દિવાળી છે ને? દિવાળીનો મહાપર્વ છે. દીપક પ્રગટ થઈ જાય. સમ્યજ્ઞાનના દીવડા પ્રગટ થઈ જાય અને અજ્ઞાન અંધકારનો, અમાવસ્યાનો અભાવ થઇ જાય. આહાહા! આવી ચીજ છે. આ ભગવાન તો જુદા પણ ભગવાનને જાણવાવાળું જ્ઞાન પણ જુદું અને ભગવાનના લક્ષથી થવાવાળો શુભરાગ તે પણ જુદો. જુદાથી આત્મા જુદો છે. આહા! તો જુદાને જાણી લે. જુદો કરીને આત્માને જાણી લે. જુદો જ છે. તે એકત્વ કરી લીધું છે ઇન્દ્રિયજ્ઞાન સાથે. પરને જાણવું સંસાર છે. આહાહા!

તો પ્રશ્ન ઊઠે છે કે કેવળીભગવાન તો પરને જાણે છે. એમ નથી. કેવળીભગવાન પોતાના આત્માને જાણે છે. પોતાના આત્માને જાણતા જાણતા દર્પણની જેમ તેમાં લોકાલોક પ્રતિભાસ થાય છે. તો પોતાના જ્ઞાનની પર્યાયને જાણતા જાણતા લોકાલોક તેમાં જણાય જાય છે તો ઉપચારથી કહેવામાં આવે છે કે લોકાલોકને જાણે છે. ખરેખર તો પોતાની જ્ઞાનની પર્યાયને જાણે છે. આમ ૩૧ ગાથા અપૂર્વ ચાલી. તેની થોડી ત્રણ લીટી બાકી રહી ગઈ.

**જ્ઞેય તો દ્રવ્યેન્દ્રિયો**, આહા! જ્ઞાન શું અને જ્ઞેય શું? ભાવકનો ભાવ નિમિત્ત-નૈમિત્તિક સંબંધવાળો જે ભાવકનો ભાવ તે વાત અત્યારે અહીં નથી. ભાવક તો દ્રવ્યકર્મ છે. તેના ઉદયના લક્ષથી થવાવાળા મોહ, રાગ, દ્વેષ ભાવકના ભાવ છે. એ તો કષાય ભાવ છે. તેનાથી આત્મા જુદો છે. પણ તેનાથી પણ સૂક્ષ્મ વાત કે જ્ઞેય કોણ છે? કે દ્રવ્યન્દ્રિય. દ્રવ્યેન્દ્રિય એટલે આ આંખ, કાન, નાક આવી રીતે. એક સ્પર્શેન્દ્રિય, એક રસેન્દ્રિય, એક ઘ્રાણેન્દ્રિય, એક ચક્ષુઇન્દ્રિય, એક શ્રોતેન્દ્રિય. પાંચ ઇન્દ્રિય છે. તે જડની પરમાણુની બનેલી છે. તે અનંત પરમાણુનો પિંડ છે. તેમાં ચેતનનો અભાવ છે.

તો આ પાંચ ઇન્દ્રિયો છે તેના નામ દ્રવ્યેન્દ્રિય છે. શું દ્રવ્યેન્દ્રિય? શું ભાવેન્દ્રિય? શું અતીન્દ્રિય? આહા! એ તો પંડિત લોકો જાણે. નહીં, હું જાણું. પંડિત શું? આહાહા! પંડિત કોણ? કે પોતાનો આત્મા પંડિત છે. આત્માને જાણે સો પંડિત. પંડને જાણે તે પંડિત. પરને જાણે તો મુરખ, પંડિત નહીં, આહા! શાસ્ત્ર પાઠી પણ મૂર્ખ છે. એવો આચાર્ય ભગવાને પાઠ લખ્યો છે. પોતાના આત્માને જાણવાનું છોડી દીધું અને શાસ્ત્રને પ્રસિધ્ધ કર્યું. ઓહો! આમ ભવ ચાલ્યા જાય છે.

આચાર્ય મહારાજ ફરમાવે છે કે સાંભળ! દ્રવ્યેન્દ્રિય તો જ્ઞેય છે. જ્ઞેય એટલે જ્ઞાનમાં જાણવાલાયક, પરપદાર્થ ભિન્ન તેનું નામ જ્ઞેય છે. પરજ્ઞેય. બીજું જે ભાવેન્દ્રિય છે ને? ભગવાનને જાણવાવાળી, દેશનાલબ્ધિ સાંભળવાવાળો, જે જ્ઞાનનો અંશ તે ભાવેન્દ્રિય છે. તે જ્ઞેય છે. તેમાં જ્ઞાન નથી. તને અંદર જ્ઞાનની ભ્રાંતિ થઇ ગઇ.

અને વ્યવહારનય તેને જ્ઞાનથી પોકાર કરે છે. પણ વ્યવહાર અસત્યાર્થ, અભૂતાર્થ-બીજાના ભાવને બીજાનો કહે છે. બીજાના ભાવને બીજાનો કહે છે. તેનું હિન્દી શું? બીજાના ભાવને બીજાનો કહે છે બીજાના ભાવને બીજાનો કહે છે. સમજયા? તે જે જ્ઞેય છે તેનું જ્ઞાન પોકાર કરે છે વ્યવહારનય જૂઠ્ઠા કથન કરે છે. શાસ્ત્રનું જ્ઞાન જ્ઞાન નથી પણ જ્ઞેય છે. આહા!

**તથા ઇન્દ્રિયોના વિષયભૂત પદાર્થો**, જે ઇન્દ્રિયથી પદાર્થ-જ્ઞેય જાણવામાં આવે છે ને? તે પણ જ્ઞેય છે. જ્ઞેયના ત્રણ ભેદ. દ્રવ્યેન્દ્રિય, ભાવેન્દ્રિય અને ભાવેન્દ્રિયના વિષય તે બધા ત્રણેય જ્ઞેય છે. ત્રણેયમાં જ્ઞાન નથી. હૈ? દ્રવ્યેન્દ્રિયમાં તો જ્ઞાન નથી. (માઇક)માં તો જ્ઞાન નથી એ ઠીક છે. પણ તેને જાણવાવાળું જે જ્ઞાન છે તેમાં જ્ઞાન નથી પણ જ્ઞેય છે. જ્ઞાન કેમ નથી? કે પોતાને ન જાણે તેથી અજ્ઞાન છે. જ્ઞાન નહીં તો અજ્ઞાન છે. અજ્ઞાનનું નામ જ્ઞેય છે. આહા! જ્ઞેયનું નામ આત્માથી-જ્ઞાનથી ભિન્ન છે. આ છોકરી સાંભળે છે બરાબર.

મુમુક્ષુ - લખવા જેવું જ છે.

ઉત્તર :- આત્મા છે ને બધા. બધા ભગવાનઆત્મા છે. આચાર્યભગવાન ફરમાવે છે કે અમને તો બધા આત્મા દેખાય છે. કોઈ સ્ત્રી, પુરુષ નહીં. આહા! બધા અંદર ભગવાનઆત્મા છે. દેહદેવળમાં દેહથી ભિન્ન અંદર ચૈતન્યમૂર્તિ બિરાજમાન છે. તો જ્ઞેય તો દ્રવ્યેન્દ્રિય એટલે ભાવેન્દ્રિય ખંડજ્ઞાન અને તેના વિષયભૂત પદાર્થ. એ બધા જ્ઞેયના ત્રણ પ્રકાર. જ્ઞેય એટલે જાણવાલાયક. જાણવાલાયક કયારે? કે આત્માને જાણ્યા પછી. આત્માને જાણ્યા પછી તે જાણવાલાયક છે. અપનાવવા લાયક નથી. એવું સમ્યગ્જ્ઞાનમાં માલૂમ થઈ જાય છે.

**અને જ્ઞાયક પોતે આત્મા**, જાણવાવાળો. તે જાણવાવાળો જે જણાય છે તેનાથી જુદો છે. તે જાણવાવાળો, આ દિવાલ છે ને દિવાલ તે જ્ઞેય છે. તે જ્ઞેયને જાણવાવાળો જ્ઞેયથી જુદો છે. જાણવાવાળો અહીં છે અને જ્ઞેય તો બહાર છે. જ્ઞેય જ્ઞાનમાં નથી આવતા અને જ્ઞાન આત્માથી જુદું નથી પડતું. જ્ઞાનમય, ઉપયોગમય આત્મા છે. એમ આ જે જ્ઞાયક જાણનાર જાણવાવાળો અને જ્ઞેય. **પોતે આત્મા એ બન્નેનું અનુભવન** એટલે બેયની એકતા. બે ભિન્ન ભિન્ન હોવા છતાં પણ **વિષયોની આસક્તતાથી**, 'જ્ઞેયલુબ્ધ'. વિષયોમાં આસકત થઇ ગયો. હું પરને જાણું છું, જાણું છું, જાણું છું, કર્તા નથી જાણું છું. પૂત્ર મારો નથી. પૂત્ર મારો નથી. પૂત્ર છે એમ જાણું છું.

લાકડી છે તો લાકડીને જાણું છું. મોટરને મોટર જાણું છું. નહીં! તે અજ્ઞાન છે. આહાહા! પરને જાણવામાં સંસાર ઊભો થઇ જાય છે. આહા! પોતાને ભૂલીને પરને જાણવા ગયો તો જ્ઞાન ન રહ્યું, અજ્ઞાન થઇ ગયું. પોતાને ભૂલવો તે જ સંસાર છે. અપને કો આપ ભૂલકે હૈરાન હો ગયા.

**એ બન્નેનું અનુભવન**, એટલે એકતા. જ્ઞાન અને જ્ઞેયનો ખીચડો બનાવી દીધો. દાળ અને ચોખા જુદા જુદા છે. દાળ અને ચોખા બે નામ છે, બે પદાર્થ છે. અલગ અલગ છે. બેનું લક્ષણ અલગ-અલગ છે પણ તેનો ખીચડો બનાવીને આ પાણીમાં ઉકાળ્યું ને ખીચડી થઇ ગઇ. દાળ પણ નામ ન રહ્યું અને ચોખા પણ ન રહ્યું. નામ થઈ ગયું ખીચડી. સમજયાં? આ જ્ઞાયક, આ જ્ઞાયક આત્માભગવાન અને તે રાગાદિ જ્ઞેય. તે રાગ પણ ન રહ્યો, જ્ઞાયક પણ ન રહ્યો, ખીચડી બની ગઇ, અજ્ઞાન બની ગયું. આહાહા! જ્ઞાયકને પણ ભૂલી ગયો અને રાગને પણ ભૂલી ગયો અને અજ્ઞાન પ્રગટ થઈ ગયું.

અમારા ગામમાં ખીચડી તેનું નામ કહે છે. તમારા હિન્દીમાં શું છે? ખીચડી, ખીચડી. ખીચડીમાં બે નામ ચાલ્યા ગયા, ગૂમ થઈ ગયા. દાળ પણ ગઇ અને ચોખા પણ ગયા અને ખીચડી નામ થઇ ગયું. એટલે કે જે પોતાના આત્માને ભૂલ્યો અને જ્ઞેયને (શરીરને) પોતાનું માન્યાન્યું તો ખીચડી થઇ ગઇ. જ્ઞેય-જ્ઞાયકનો સંકરદોષ શાસ્ત્રીય ભાષામાં સંકરદોષ, ખીચડી, શું જમવાનું બનાવ્યું? ખીચડી બનાવી. આહા! કોને જાણું છું? પરને જાણું છું. ખીચડી થઇ ગઇ. આહાહા!

**એ બન્નેનું અનુભવના વિષયોની આસક્તતાથી**, પરને હું જાણું છું તેનું નામ વિષય છે. પરને જાણવાની જે ઇચ્છા થાય છે તેનું નામ વિષય અને પરને કરવાની ઈચ્છા થાય છે તેનું નામ કષાય. વિષય અને કષાય જીતવાથી ધર્મ થાય છે. આહાહા! **એ બન્નેનું અનુભવના વિષયોની આસક્તતાથી**, આહા! આસક્તિ થઇ ગઇ. પરને હું જાણું છું, પરને જાણું છું, પરને જાણું છું, અભિપ્રાય ખોટો છે. બિલકુલ ખોટો છે. **એક જેવું થતું હતું**, એકમેક ખીચડી થઇ ગઈ હતી. એકમેક થયો નહોતો. એકમેક ભ્રાંતિ થઇ ગઇ. દેહ અને આત્મા છે તો જુદા અને તલવાર અને મ્યાન છે તો જુદા જુદા. આહાહા! પણ એક જેવા લાગતા હતા. દેહ અને આત્મા છે તો જુદા જુદા (પણ) એક જેવા લાગતા હતા.

એવી રીતે રાગ અને આત્મા, ક્રોધ અને આત્મા, દુઃખ અને આત્મા છે જુદા જુદા, આહા! પણ એક જેવા (લાગતા હતા) એકત્વબુધ્ધિ થઇ ગઇ. એક જેવા લાગવા માંડ્યા અજ્ઞાનમાં. અજ્ઞાનથી ભિન્ન ભિન્ન હોવા છતાં પણ એક લાગવા તેનું નામ અજ્ઞાન છે. એવું થયું હતું. હવે ભેદજ્ઞાનથી ભિન્નપણું જાણ્યું, આહા! આ મગની દાળ છે ને આ ચોખા છે. ખીચડી-બીચડી નામ

છે નહીં. ખીચડી કયાં ગઈ? કે અજ્ઞાનમાં ચાલી ગઈ. મને તો મગની દાળ દેખાય છે અને આ ચોખા દેખાય છે. બેને જુદા જુદા જોવા માંડયો. આહા! ખીચડી નામ મટી ગયું. આહા!

મુમુક્ષુ - ઓરીજીનલ નામ.

ઉત્તર :- ઓરીજીનલ નામ, અસલ નામ તેનું છે. આ તો બનાવટી નામ છે ખીચડી. ત્રીજું નામ તો બનાવટી નામ થઈ ગયું ને? કૃત્રિમ. ઓરીજીનલ તો ચોખા અને દાળ જુદા જુદા છે. આહા! એમ જ્ઞાન અને જ્ઞેય છે તો જુદા જુદા પણ ક્રોધ જાણવામાં આવ્યો, હું ક્રોધી થઇ ગયો. તો ખીચડી થઇ ગઇ. અજ્ઞાન થઇ ગયું. જ્ઞાન ન રહ્યું. ક્રોધ ભિન્ન અને જ્ઞાન ભિન્ન છે. ક્રોધ અને જ્ઞાન એક ચીજ નથી.

આત્મા અને આસ્રવ ભિન્ન ભિન્ન છે. આત્મા અને આસ્રવ એક ચીજ નથી. અભ્યાસ નહીં, શું કરે? આહા! બધા ક્રિયા-કાંડમાં લાગી ગયા. આહાહા! આત્માને જાણવાનું રહી ગયું. તો સંસાર મટ્યો નહીં. આત્માને જાણ્યા વગર સંસાર ત્રણકાળમાં મટવાનો નથી. ભેદજ્ઞાનથી ભિન્નપણું જાણ્યું. જેમ ઘઉં અને કાંકરા છે તો જુદા જુદા. તોપણ જુદા જુદા હોવા છતાં પણ જેને જુદા છે એમ ખબર નથી પડતી, સાથે પીસે છે તો રોટલીમાં કાંકરા આવે છે. અને સુઘડ બાઈ હોય તે કાંકરા કાઢી નાખે છે, ઘઉંને ગ્રહણ કરે છે અને ઘઉંનો લોટ બનાવે છે.

એમ રાગ અને ઉપયોગ ભિન્ન ભિન્ન છે. જાણનક્રિયાવાળો ભગવાન ઉપયોગમય આત્મા અને જણાવાવાળા ક્રોધ, માન, માયા, લોભ તે ભિન્ન છે. તે મેલ છે, મલિન ભાવ છે. પાંચ મહાવ્રતના પરિણામ અપવિત્ર, મલિન ભાવ છે. તેનાથી ભગવાન પવિત્ર આત્મા જુદો છે. આહા! ભડકી જાય છે. જયાં પાંચ મહાવ્રતને ઉદયભાવ કહે, મલિન ભાવ કહે ત્યાં ભડકી જાય છે. કેમકે એકતા છે ને? ખીચડો બનાવી દીધો છે. આત્મા અને આસ્રવની જુદાઈ ખબર નથી.

**ભેદજ્ઞાનથી ભિન્નપણે જાણ્યું ત્યારે**, એમ સ્વ અને પરની જુદાઇ જાણી અંતરમુખ થઈને આત્માનો અનુભવ કર્યો તો રાગથી, દેહથી, આ કુટુંબ, પરિવારથી હું જુદો છું તો નિર્મોહદશા થઇ જાય છે. મોહ નીકળી જાય છે. થોડો અસ્થિરતાનો રાગ જાવા માટે આવે છે. અને છેવટે તે પણ ચાલ્યો જાય છે. જેમ મહાવીર પ્રભુને રાગ ચાલ્યો ગયો તો પરમાત્મા બની ગયા. **ત્યારે તે જ્ઞેયજ્ઞાયક-સંકરદોષ દૂર થયો.** એટલે જ્ઞેય અને જ્ઞાયક. જ્ઞેય તો શું કહ્યું? કે ઇન્દ્રિયજ્ઞાન જ્ઞેય અને ઇન્દ્રિયજ્ઞાનનો વિષય જ્ઞેય અને દ્રવ્યેન્દ્રિય પણ જ્ઞેય અને રાગ-દ્વેષ-મોહ જ્ઞેય, ક્રોધ, માન, માયા, લોભ જ્ઞેય. જ્ઞેય એટલે જ્ઞાનમાં જણાવાયોગ્ય. જેમ દર્પણમાં, દર્પણ જ્ઞાયકની જગ્યા ઉપર રાખો અને સામે મોર હોય, પોપટ હોય તેનો પ્રતિભાસ થાય છે તેનું

નામ જ્ઞેય છે. અને જાણવાવાળો જ્ઞાયક છે. તેમાં જણાય જાય છે તેનું નામ જ્ઞેય છે. જ્ઞેય જુદું અને જ્ઞાન જુદું છે.

આમ **જ્ઞેયજ્ઞાયક-સંકરદોષ દૂર થયો**. તો આમ આત્માનો જયારે અનુભવ થાય છે ત્યારે મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન, મિથ્યાચારિત્રનો અભાવ થઈને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રાણી મોક્ષમાર્ગ પ્રગટ થઈ જાય છે અને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રાણી મોક્ષમાર્ગ કેવી રીતે પ્રગટ થાય કે ઇન્દ્રિયજ્ઞાનથી મારો આત્મા જુદો છે. ઇન્દ્રિયજ્ઞાનથી જાણવું તે મારું સાધન નથી. જ્ઞાનથી હું જાણું છું. જ્ઞેયથી જાણતો નથી. ભગવાને જ્ઞેય નામ રાખ્યું છે. આહા! તે ભૂલી ગયો. જ્ઞાન, વ્યવહારનયથી જ્ઞાન કહ્યું તો નિશ્ચયથી જ્ઞાન માની લીધું. તે તેની ભૂલ છે. તે પંડિતની ભૂલ છે. ત્યાગીની ભૂલ છે.

મુમુક્ષુ - વિદ્વાનની ભૂલ છે.

ઉત્તર :- વિદ્વાનની તે ભૂલ છે. અને પુણ્યથી ધર્મ માનવો તે સામાન્ય જનની ભૂલ છે. અને વિદ્વાનની ભૂલ શું? કે શાસ્ત્રજ્ઞાન છે ને તો જ્ઞાન તો બહુ જ વધ્યું. જ્ઞાન પ્રગટ જ નથી થયું. એ જ્ઞેયનો ઢગલો થયો. શાસ્ત્રજ્ઞાન તો વધ્યું ને? તો જ્ઞેયનો ઢગલો થઇ ગયો. તેમાં જ્ઞાનનો અંશ બિલકુલ નથી. જો પોતાને ન જાણે તેનું નામ જ્ઞાન કયારેય છે નહીં. સર્વજ્ઞ ભગવાને ના કહી, સંતોએ ના કહી તેમ ભેદજ્ઞાન કરીને પુણ્ય-પાપના પરિણામથી જુદો પોતાનો જે શુધ્ધાત્મા છે અંતરમુખ થઈને શુધ્ધાત્માનું શ્રધ્ધાન, જ્ઞાન અને આચરણ કરવું તેનું નામ મોક્ષમાર્ગ છે. તેનું ફળ અલ્પકાળમાં મોક્ષ થાય છે. હવે સ્તુતિ બોલો.

ॐ